વડાલીમાં વાવાઝોડા સાથે એક ઈંચ વરસાદ

હિંમતનગર, તા. ૩

વડાલી તાલુકામાં મંગળવારે રાત્રે વાવાઝોડા સાથે ૨૧ મીમી વરસાદ વરસતા એક ઘરના પતરા ઉડી ગયા હતા. જયારે મકાઈ તેમજ મગફળીના પાકને વરસાદથી નુકશાન થતાં ખેડૂતો પાયમાલ બન્યા છે. તેમજ દેલવાડા ગામમાં વીજ તણખા પડતા ઘાસચારો તેમજ ઘરમાં આગ લાગતા નુકશાન થયુ છે. તેજ પ્રમાણે ખેડબ્રહ્મા તાલુકાના લાંબડીયા અને પોશીના પંથકમાં પણ વાવાઝોડા સાથે વરસાદ પડયો હતો. જેમાં દંત્રાલની એક બાળકીને પતરુ વાગતા ઈજા થઈ હતી. તેજ પ્રમાણે ઈડર તાલુકાના ફલાસણ ગામે મંગળવારે રાત્રે વાવાઝોડા સાથે ૭ મીમી વરસાદ પડયો હતો. જેના કારણે ૧૦થી વધુ મકાનના પતરા ઉડી ગયા હતા.

વડાલી તાલુકામાં મંગળવારે રાત્રે વાતાવરણમાં પલટો આવતા ગાજવીજ તેમજ ભારે પવન સાથે વરસવા લાગ્યા હતા. એકાએક આવેલા ભારે પવન સાથેના વરસાદથી લોકો હચમચી જઈ ઘરમાં પુરાઈ ગયા હતા. વરસાદ સાથે પવન ફૂંકાતા ઠેર ઠેર વૃક્ષો ધરાશયી થતાં લખેડા માર્ગ ઠપ્પ થઈ ગયો હતો. પવનના કારણે વીજપોલને નુકશાન પહોંચતા વીજળી ડૂલ થઈ ગઈ હતી. જયારે પશ્ચિમ વિસ્તારમાં અનેક ગામોમાં આખી રાત વીજ પુરવઠો બંધ રહેતા લોકો પરેશાન થઈ ગયા હતા.

બીજી તરફ એકાએક વાવાઝોડાથી વડાલીથેરાસણા માર્ગ પર આવેલી બાપા સીતારામ મઢુલીના પંખાના પાંખીયા પણ વળી ગયા હતા. સુસવાટા મરતા પવનોથી વીજ તણખા ઝરતા દેલવાડા ગામના વિરમાભાઈ જોરાભાઈ રબારીના ઘાસચારામાં આગ લાગતા ઘાસચારો બળી ગયો હતો. જેથી મકાનને પણ આગથી નુકશાન થયુ હતું.

એકાએક આવેલા વાવાઝોડાથી મકાઈ તેમજ મગફળીના પાકને નુકશાન થયુ છે. વડાલી મામલતદાર કચેરીમાં ૨૧ મીમી નોંધાયેલ છે. જોકે વાવાઝોડા સાથે થયેલા વરસાદથી કોઈ જાનહાનિ થઈ ન હતી.

પોશીના વિસ્તારમાં પણ મંગળવારે રાત્રે અચાનક વાવાઝોડા સાથે વરસાદ થતાં ચારથી વધુ ઝાડ અને એક મકાનના પતરા ઉડી ગયા હતા. દંત્રાલ ગામમાં રહેતા પોપટભાઈ મોહનભાઈ ડાભીના ઘરના પતરા ઉડતા તેમની પુત્રી કરિશ્મા (ઉ.વ.૮)ને માથામાં ઈજા થતાં સારવાર લેવી પડી હતી. તેજ પ્રમાણે પોશીના દેનાબેંક આગળ લગાવાયેલ બોર્ડની લોખંડની ઈંગલો વળી ગઈ હતી. બુધવારે સવારે પણ ઝરમર વરસાદ ચાલુ રહેતા મગ અને બાજરીના પાકને નુકશાન થયુ છે.

ખેડબ્રહ્મા તાલુકાના લાંબડીયા પંથકમાં મંગળવારે રાત્રે જોરદાર વાવાઝોડા સાથે વરસાદ પડતા લાંબડીયાના મુખ્ય બજારના પાછળના ભાગે રહેણાંક વિસ્તારમાં લીમડાનું ઝાડ વીજ લાઈન પર પડતા વીજ પુરવઠો બંધ થઈ ગયો હતો. જેના કારણે અનેક ઘરોમાં ફ્રીજ, ટીવી સહિતના અન્ય વીજઉપકરણો બળી ગયા હતા. તેમજ કેટલેક સ્થળે કાચા છાપરા ઉડી ગયા હતા.

ઈડર તાલુકાના ફલાસણ ગામે વાવાઝોડા સાથે વરસાદ પડતા ભરતભાઈ છગનભાઈ પટેલ, બાબુભાઈ પટેલ, જગાભાઈ નરસિંહભાઈ વણકર સહિત અન્ય ૧૦ ઘરના પતરા ઉડી ગયા હતા. જયારે જોરાજી રવાજી ઠાકોરનો તબેલો ધરાશયી થઈ જતા એક ભેંસનું મોત નિપજયુ હતું. તેજ પ્રમાણે ચાંડપ, સાબલવાડ અને ગોલવાડામાં પણ વાવાઝોડાથી ઘરના પતરા ઉડી ગયા હતા અને કેટલાક વૃક્ષો પણ ધરાશયી થઈ ગયા હતા.

ખેડબ્રહ્મા ડીવીઝનમાં ૨૯ વીજપોલ પડી ગયા

મંગળવારે રાત્રે ખેડબ્રહ્મા તાલુકામાં વાવાઝોડા સાથે પડેલા વરસાદના કારણે અનેક ઠેકાણે મળી ૨૯ વીજપોલ પડી ગયા હોવાનું યુજીવીસીએલના ઈજનેર વી.એન.કરોલાએ જણાવ્યુ હતું. વાવાઝોડાના કારણે ખેડબ્રહ્માના બ્રિજેશ ઓટો સેન્ટરના પતરાનો શેડ ઉડી ગયો હતો. તેજ પ્રમાણે સુરતીકંપામાં જીતેન્દ્રકુમાર દલજીભાઈ પટેલના તબેલાના પતરા ઉડી ઝાડ પર ટીંગાઈ ગયા હતા. તેમજ ખેડબ્રહ્મા બસ સ્ટેન્ડ પાસે વીજ વાયર તૂટી જતા વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો.

જાદરના ખેડૂત સાથે વીજ કનેકશન લેવા ખોટો દસ્તાવેજ કરતા આઠ વિરુદ્ધ ફરિયાદ

હિંમતનગર, તા. ૩

ઈડર તાલુકાના જાદર ગામના ખેડૂત સાથે વારસાઈ હેઠળની વડીલોપાર્જીત ખેતીની જમીન માટે વીજ કનેકશન મેળવવા દસેક દિવસ અગાઉ તેના સગાભાઈઓ જી.ઈ.બી.ના ઈજનેર અને નોટરી સહિતના આઠ શખ્સોએ ભાઈના નામના ખોટા સ્ટેમ્પ ઉપર ખોટી સહીઓ કરાવી સંમતિ વિના ખોટો દસ્તાવેજ બનાવવાના મામલે જાદર પોલીસ સ્ટેશનમાં સોમવારે ફરિયાદ નોંધાવા પામી છે. જાદર પોલીસે આ પ્રકરણમાં આઠ જણા વિરૂધ્ધ ગુનો દર્જ કરી સમગ્ર પ્રકરણની તપાસ હાથ ધરી છે.

જાદર પોલીસ સ્ટેશનના સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગત અનુસાર તાલુકાના જાદર ગામના ખેડૂત ધનજીભાઈ મુળાભાઈ વણકરની વારસાઈ હેઠળની વડીલોપાર્જીત ખેતીની જમીન તાલુકામાં આવેલી છે. જેનું વીજ કનેકશન મેળવવા માટે જાદર ખાતે જ રહેતા ધનજીભાઈ વણકરના ભાઈ રતિલાલ મુળાભાઈ વણકર, હીરાભાઈ મુળાભાઈ વણકર, જેઠાભાઈ મુળાભાઈ વણકર, દલજીતભાઈ જેઠાભાઈ વણકર, અમૃતભાઈ મુળાભાઈ વણકરે નોટરી એમ.એમ.નાયક, જી.ઈ.બી.ના નાયબ ઈજનેર પી.બી.બજાજ અને રૂદરડીના જીજ્ઞેશ વાલેરાના મેળાપીપણામાં ભાઈ ખેમાભાઈ મુળાભાઈ વણકરની રૂા.૧૦૦ના સ્ટેમ્પ પેપર ઉપર ખોટી સહીઓ કરી નોટરી સમક્ષ ખોટો દસ્તાવેજ બનાવ્યો હતો. તા.૨૧ મેથી દસેક દિવસના કોઈ પણ સમયગાળા દરમિયાન આ શખ્સોએ ભાઈની ગેરહાજરીમાં જ અને સંમતિ વિના ખોટો દસ્તાવેજ બનાવ્યાનું ભાઈ ધનજીભાઈ વણકરના ધ્યાને આવતા તેમણે ખોટા દસ્તાવેજના મામલે સોમવારે જાદર પોલીસ સ્ટેશનમાં જઈ ફરિયાદ નોંધાવી હતી.

ખોટા દસ્તાવેજના પ્રકરણમાં જાદર પોલીસે આઠ જણા વિરૂધ્ધ ગુનો દર્જ કરી વુધ તપાસ હાથ ધરી છે. જાદર પી.એસ.આઈ. એસ.વી.ચૌધરીએ જણાવ્યુ હતું કે ભાઈ સાથે ભાઈઓએ જ વીજ કનેકશન મેળવવા ખોટો દસ્તાવેજ ઉભો કરી રમત રમતા હોવાનું ભાઈ ધનજીભાઈના ધ્યાને આવતા તેમની ફરિયાદ આધારે ગુનો દર્જ કરી સમગ્ર પ્રકરણની તપાસ શરૂ કરાઈ છે.

(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

ખાણ ખનીજ વિભાગે ત્રણ ટ્રક સીઝ કરી

ખેડબ્રહ્મા તાલુકામાંથી પસાર થતી સાબરમતી નદીમાં બેફામ પણે રેતીનું ખનન થઈ રહ્યું છે ત્યારે મંગળવાર બપોરે ભૂસ્તર અને ખાણ ખનીજ વિભાગના અધિકારીઓએ નદીમાં તપાસ કરતા વગર પાખની ત્રણ ટ્રક એક હિટાચી મશીન લીઝ સિવાયની જગ્યામાંથી રેતીનું ખનન કરતા મળી આવેલ જે અંગે કે.એસ. ઠાકોર (ખાણ ખનીજ વિભાગ) દ્વારા ત્રણ ટ્રક અને હિટાચી મશીનને સીઝ કરવામાં આવ્યા હતા. જેનાં ત્રણ ટ્રક નં. જીજે-૧-એવી-૧૮૪૭, જીજે-૨ઝેડ ૧૫૦૦, જીજે૯ ૨૭૪૭ને પકડી ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશને મુકી દેવામાં આવી હતી.

ભિલોડા માર્કેટ યાર્ડમાં મગફળી અને મગની અધધધ... આવક

ભિલોડા,તા.૨

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં મગફળી અને મગ વાવણી ખેડૂતો ધ્વારા ખુબ જ હોશે-હોશે કરાઈ હતી ત્યારે આ વર્ષે ખેડુતોને મગફળી અને મગના પોષણક્ષમ ઉંચામાં ઉંચા ભાવો મળતાં ખેડુતોમાં આનંદની લાગણી પ્રસરી છે.ભિલોડા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમીતી(માર્કેટ યાર્ડ)માં મગફળી અને મગની નવિન ખેતપેદાશોની અધધધ...ધુમ આવકોથી માર્કેટ યાર્ડ ધમ-ધમી ઉઠ્યું છે.ભિલોડા માર્કેટયાર્ડમાં મગફળી અને મગની અંદાજીત ૩૦૦૦/- બોરીની આવકો આવતા વેપારીઓ ખુશખુશાલ બન્યા હતા.ખેડુતોને હરાજી દરમ્યાન પોષણક્ષમ ભાવો મળતા આનંદની લાગણી પ્રસરી છે.

ભિલોડા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતી,ચેરમેન હિતેન્દ્રસિંહજી નરપતસિંહજી સિસોદીયાના જણાવ્યા મુજબ ભિલોડા તાલુકા વિધાનસભા મતવિસ્તારમાં આવતા તમામ ૧૮ થી ૭૦ વર્ષ સુધીની ઉંમર ધરાવતા ભાઈઓ,બહેનોના અકસ્મીક અકમસ્માત દરમ્યાન જો કોઈનું અવસાન થાય તો રૂા.૫૦,૦૦૦/-નો વિમો મળવાપાત્ર છે.વિમા કવચનું વાર્ષિક પ્રિમીયમ માર્કેટયાર્ડ તરફથી ભરવામાં આવે છે.ભિલોડા તાલુકાના ખેડુતો અને પ્રજાજનામાં આનંદની લાગણી પ્રસરી છે.

તસ્વીર : જીત ત્રિવેદી, ભિલોડા

ભિલોડા માર્કેટયાર્ડ ચેરમેન હિતેન્દ્રસિંહ સિસોદીયા હરાજી દરમ્યાન હાજર રહેતા હોવાના કારણે ખેડુતોને મગફળીના ઉંચામાં ઉંચા રૂા.૧૧૭૩/-અને મગના ઉંચામાં ઉંચા રૂા.૧૪૬૫/-સુધીના ભાવો મળતા હોવાનું જાગૃત ખેડુતો ધ્વારા જાણવા મળેલ છે.ભિલોડા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતી ચેરમેન હિતેન્દ્રસિંહ નરપતસિંહ સિસોદીયાના જણાવ્યા મુજબ આ વર્ષે કમોસમી વરસાદ આવતા ઘઉંની ક્વોલીટી બગડી છે.જેના કારણે ઘઉંના ભાવ નીચા જાય છે પણ સારી ક્વોલીટીના ઘઉંના ભાવ ભાવ રૂા.૨૯૦/- પ્રમાણે મળતો હતો.ઘઉં મુકવા માટે ગોડાઉનોની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવેલ હતી.

આ વર્ષે કાતીલ તીવ્ર ઠંડી સારી પડતાં ઘઉંનું વિક્રમજનક ઉત્પાદન થતાં ઘઉંની વિક્રમી આવકો માર્કેટ યાર્ડોમાં ખેડુતોને પોષણક્ષમ મળે છે.

ભિલોડા માર્કેટ યાર્ડમાં ટેકાના ભાવે ઘઉં ખરીદ કેન્દ્રનો શુભારંભ કરાયો હતો.ખેડુતોને ૨૦ કિલો ઘઉંનો ભાવ રૂા.૨૯૦/- પ્રમાણે ખરીદી કરાતા આજ દિન સુધીમાં અંદાજીત ૬૦,૦૦૦/- બોરીની ખરીદી કરવામાં આવેલ છે.આ વર્ષે ટેકાના ભાવ મુજબ ઘઉંની ખરીદી દરમ્યાન ખેડુતોને પ્રતિ ૨૦ કિલો અંદાજીત રૂા.૫૦/-નો ફાયદો થેયલ હોવાનું જાણવા મળેલ છે.

જોવા મળે છે.ભિલોડા,વિજયનગર તાલુકાના અંતરીયાળ ડુંગરાળ ગ્રામ્ય-વિસ્તારોના ખેડૂતોને ખેત ઉત્પાદનોનું વેચાણ કરવા અર્થે વર્ષો પહેલાં અન્ય માર્કેટ યાર્ડોમાં દુર-દુર સુધી જવું પડતું હતું.ભિલોડા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતી ચેરમેન પદે હિતેન્દ્રસિંહ સિસોદીયાના અથાગ પ્રયત્નોથી ભિલોડા માર્કેટ યાર્ડની કાયાપલટ થઈ હોવાનું જાગૃત ખેડુતો જણાવ્યું હતું.ભિલોડા માર્કેટ યાર્ડમાં દિન-પ્રતિદિન અદ્યતન સુવિધાઓમાં ધરખમ વધારો થઈ રહ્યો છે.ભિલોડા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતી ચેરમેન હિતેન્દ્રસિંહ નરપતસિંહ સિસોદીયાએ જણાવ્યું હતું કે ગુજરાત રાજ્ય નાગરીક પુરવઠા નિગમ લી.ધ્વારા ટેકાના ભાવે ઘઉં ખરીદ કેન્દ્રનો શુભારંભ કરાયો હતો.ખેડુતોને ઘઉંનો ૨૦ કિલોનો ભાવ રૂા.૨૯૦/- પ્રમાણે ખરીદી કરાતા આજ દિન સુધીમાં અંદાજીત ૬૦,૦૦૦/- બોરીની ખરીદી કરવામાં આવેલ છે.આ વર્ષે ટેકાના ભાવ મુજબ ઘઉંની ખરીદી દરમ્યાન ખેડુતોને પ્રતિ ૨૦ કિલો અંદાજીત રૂા.૫૦/-નો ફાયદો થેયલ હોવાનું જાણવા મળેલ છે.

દલપુર પાસે ભૈરવદાદાની પૌરાણિક પ્રતિમા મળી

પ્રાંતિજ, તા.૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ હિંમતનગર જતા નેશનલ હાઈવે નંબર આઠ દલપુર પાસેના પુરાતન જોગણી માતાના મંદિરે પથ્થરની ભૈરવદાદાની પ્રતિમા મળતાં માતાજીની નજીકમાં જ આ કાલભૈરવદાદાની પ્રતિમાને ધાર્મિક વિધિ વિધાન પ્રમાણે સ્થાપિત કરવામાં આવી હતી. જગતકલ્યાણી જોગણી માતાના મંદિરેતા. ૨-૫-૨૦૧૬ના રોજ ગીરનારીબાવા ચન્દ્રમાગીરી મહારાજ દ્વારા ભજન-સંતવાણીનો કાર્યક્રમ હોવાથી મંદિર પરિસર આજુબાજુ સાફસુફી કરવામાં આવી રહી હતી ત્યાં જ જુના પત્થરની કાલ ભૈરવદાદા આકાર-રચનાની કૃતિવાળી પ્રતિમા મળતાં જ ભકતો આનંદ વિભોર બની ગયા હતા અને મહારાજ તથા ભકતો દ્વારા આ મૂર્તિની વિધિસર સ્થાપના કરવામાં આવતાં હજારો ભકતોએ પૂનમના દિવસે માં જગદંબા સાથે કાલભૈરવ દાદાનાં દર્શન પૂજા અર્ચના કરી ધન્યતા અનુભવી હતી. રાત્રિના ભજન-સંતવાણી કાર્યક્રમમાં કલાકાર બચુભાઈ આચાર્ય, તુલસીવનભાઈ સહિતના ભકતો દ્વારા ભજન સંતવાણીનો કાર્યક્રમ લોકોને પીરસ્યો હતો. સતસંગ જ્ઞાનગંગાનો અસંખ્ય ભકતોએ લાભ લીધો હતો.

ઉનાવા ગામે રબારી જ્ઞાતિના બે જૂથ વચ્ચે ઢોર ચરાવવા બાબતે હિંસક અથડામણ

ઊંઝા, તા.૩

ઊંઝા નજીકના ઉનાવા ગામે ઢોર ચરાવવાની બાબતે ઉશ્કેરાયેલા રબારી જ્ઞાતિના કેટલાક ઈસોએ તેમના કુટુંબના જ બે વ્યકિતઓ પર લાકડીઓ-પાઈપો વડે હુમલો કરી બંનેને ગંભીર ઈજાઓ પહોંચાડી રોકડ રકમ તેમજ વીંટી મળી કુલ ૧૩૨૦૦ની મત્તાની ધાડ પાડી નાસી છુટયા હોવાનો ચોંકાવનારો બનાવ બનતાં ગામમાં ભારે સનસનાટી મચી ગઈ હતી.

વિગત એવી છે કે ઉનાવા ગામે રહેતા ઈશ્વરભાઈ લલ્લુભાઈ રબારીનો ભત્રીજો વિપુલ રબારી ગાયો ચરાવવા માટે બોકરવાડા ગામની સીમમાં ગયો હતો. જયાં ગામના રબારી જ્ઞાતિના કેટલાક ઈસમોએ તેની સાથે તકરાર કરી હતી. જેથી ઈશ્વરભાઈ રબારીએ સામા પક્ષના માણસોને ઠપકો આપતાં સામાવાળા એકદમ ઉશ્કેરાઈ ગયા હતા અને એક સંપ થઈ લાકડીઓ તથા પાઈપો વડે કાકા ભત્રીજા પર હુમલો કર્યો હતો.

બાદ ફરિયાદીના ખિસ્સામાંથી ૧૨૦૦ રૂપિયાની રોકડ રકમ તેમજ એક સોનાની વીંટીની લૂંટ ચલાવી નાસી છૂટયા હતા. આ બનાવને પગલે ગામમાં ભારે સનસનાટી મચી જવા પામી હતી.હુમલાનો ભોગ બનેલ બંને જણાઓને શરીરે ગંભીર ઈજાઓ થતાં ૧૦૮ એમ્બ્યુલન્સ વાનમાં ઊંઝા હોસ્પિટલમાં ખસેડાયા હતા. જયાંથી વધુ સારવાર માટે મહેસાણા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

આ બનાવ અંગે ઊંઝા પોલીસે રબારી ઘેમર કુરા, રબારી શાહ કુરા, રબારી મોતી કુરા, કુરા હરી રબારી, મહેશ માલજી, રાજુ મલજી અને રમેલ માલજી રબારી વિરૂદ્ધ ધાડનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

અરવલ્લી જિલ્લાના ભિલોડાના શામળાજી નજીક રૂદરડી ગામની સીમમાં મંગળવારે રાત્રે ૨.૩૦ વાગ્યે ઉદયપુરથી અમદાવાદ તરફ જતી સ્વીફટ કાર (ગાડી નં. એમએચ૦૫સીએમ ૧૩૧૯)ને પાછળથી પૂરઝડપે ગફલતભરી રીતે હંકારી કન્ટેનર (ગાડી નં. જીજે૧૨ર૧૯૦૧૩)ના ચાલકે પાછળથી ટકકર મારતાં સ્વીફટ કાર કન્ટેનરના પાછળના ભાગમાં ઘુસી ગઈ હતી. પરંતુ સ્વીફટ ગાડીમાં સવાર લોકોનો આબાદ બચાવ થયો હતો. સ્વીફટ કારના ડ્રાયવરે ફરાર કન્ટેનર ચાલક વિરૂદ્ધ શામળાજી પોલિસે ફરિયાદ કરતાં શામળાજી પી.એસ.આઈ. ઉદાવતે કન્ટેનર ચાલકને ઝડપી પાડવા ચકો ગતિમાન કર્યા છે. (તસવીર : ધ્રુવ પ્રણામી)

ખેડબ્રહ્મા તાલુકામાં વાવાઝોડા સાથે વરસાદ

વાવાઝોડામાં દુકાન-તબેલાના શેડ ઉડ્યા : ઝાડ તથા વીજ પોલ ધરાશાયી થયા

ખેડબ્રહ્મા, તા. ૩

ખેડબ્રહ્મા તાલુકામાં મંગળવારે રાત્રે નવ વાગ્યાના સુમારે વાવાઝોડા સાથે વરસાદ તુટી પડ્યો હતો. વાવાઝોડામાં દુકાન અને તબેલાના પતરાં ઉડી ગયાં હતાં જ્યારે ઝાડ તથા વીજ પોલ ધરાશાયી થઈ ગયા હતા. જો કે વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરી જતાં લોકોને કાળઝાળ ગરમીમાં રાહત મળી હતી.

(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

ખેડબ્રહ્મા શહેર અને તાલુકામાં મંગળવારે રાત્રે અચાનક આવેલા વાવાઝોડાથી લોકોને ઘણુ નુકશાન થવા પામ્યુ છે. વીજળીના ચમકારા અને વાવાઝોડા સાથે પડેલ વરસાદથી લોકોમાં અફરા તફરી મચી જવા પામી હતી. વાવાઝોડામાં કેટલાંય ઝાડ ધરાશયી થયાં હતા. ખેડબ્રહ્માના બ્રીજેશ ઓટો સેન્ટરના પતરાંનો શેડ ઉડી રોડ ઉપર જઈ પડ્યો હતો. સુરતી કંપાવા પટેલ જીતેન્દ્રકુમાર દલજીભાઈના તબેલાના પતરાં ઉડી ઝાડ ઉપર ટીંગાઈ ગયા હતા. ખેડબ્રહ્મા અંબાજી હાઈવે ઉપર બસ સ્ટેન્ડથી સાંઈનાથ હોટલ સુધીના બીજ પોલનું વાયર તુટી જમીન ઉપર પડ્યુ હતુ. જો કે વીજ પુરવઠો બંધ હોવાથી કોઈ જાનહાની થઈ નથી.

ઊંઝા વિસ્તારમાં કમોસમી વરસાદ

ઉનાળાની કાળઝાળ ગરમીમાં હવામાનમાંઅચાનક ફેરફાર થતા લોકોના જીવન પર અસર જોવા મળી હતી. ઊંઝા તાલુકામાં સાંજના સમયે ધુળની ડમરીઓ સાથે ભારે પવન ફુંકાતા શહેરી અને ગ્રામ્ય વિસ્તારોના મકાનોના પતરાં ઉડ્યા હતા તથા વરસાદનું ઝાપટું આવતા નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાઈ ગયુંહતું. કેટલીક જગ્યાએ રસ્તાઓ પર વૃક્ષો પડતા વાહન વ્યવહારમાં પણ અડચણરૂપ બન્યુ હતુ.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD | Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA | ઓથોરાઈઝ્ડ ડીલર Castrol, EXIDE INDUSTRIES LIMITED, BRIDGESTONE, JK TYRE

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦